જાહેર નોટીસ

નવસારી ડિસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ નવસારી ના મોજે ગામ : સાતેમ ના બ્લોક/સર્વે નં.૭૦૦, વાળી જુની શરતની ખેતીની જમીન કે જેનુ સુમારે ક્ષેત્રફળ હે.આરે.૦-૪૮-૫૬ ચો.મી., આકાર રૂા.૩.૫૬ પૈસા, ખાતા નં.૯૯૯ વાળી જમીનના માલિક દિનેશભાઇ ગબુભાઇ પટેલ એ મારા અસીલને વેચાણ આપવાનુ નક્કી કરેલ છે, આથી સદર મીલ્કત બાબતે કોઇ પણ શખ્સ, સંસ્થા, બેંક કે અન્ય કોઇના કોઇ પણ પ્રકારના હકક, હિત, હિસ્સો, સંબધ, અધીકાર, ચાર્જ, બોજો, લીયન, દર-દાવો કે કોઇ પણ જાતનો વાંધો, હરકત હોય તો તેણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ મા હમોને નીચે જણાવેલ સરનામે દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમા જાણ કરવી, જો તેમ કરવામા કસુર કરવામા આવશે તો આ નોટીસની મુદત વિત્યે કોઇ પણ વ્યકિત, બેંક કે સંસ્થાનો કોઇ પણ પ્રકારે હકક, હિત, હિસ્સો, સંબધ, અધીકાર, ચાર્જ, બોજો, લીયન, દર-દાવો કે કોઇ પણ જાતનો વાંધો, હરકત નથી અને હોઇ તો તે જતા કર્યા છે યાને વેવ કરેલ છે તેમ માની મારા અસીલ સદર મીલ્કતનો પાકો રજી.વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને પાછળથી કોઇની કોઇ પણ પ્રકારે તર-તકરાર, દાવો, ફરીયાદ ચાલશે નહિ જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી. સ્થળ: સુરત તા: ૨૦/૦૬/૨૦૨૬

અસીલની સુચના અને ફરમાઈશથી. મારી મારફત : **દિપેશ એન. પટેલ**
ઓફીસ : યુ-૭, દિવ્યકાંતિ કોમ્પલેક્ષ, પાર્લે પોઈન્ટ, ઘોડદોડ રોડ, સુરત. મો. ૯૭૨૭૩ ૮૯૭૬૬. એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે સુરત ડિસ્ટ્રીકટ, સબ ડિસ્ટ્રીકટ મજુરાના મોજે ગામ મગદલ્લાના ગામતળમાં આવેલ બાપુનગર-૧ માં આવેલ મિલકત જેનો મ્યુ.ટેનામેન્ટ નં ૮૬એ-૦૧-૦૭૬૧-૦-૦૦૧ જેનો સુરત મહાનગરપાલિકા મુજબ ક્ષેત્રફળ ૧૯૯.૧૧ ચો.મી. બાંધકામ વાળી મિલકત ચાલી આવેલ છે. જેના માલીક તથા કબજેદાર પ્રજ્ઞેશભાઇ રમેશભાઇ ભુધરાવાલાના પાસેથી મારા અસીલે વેચાણ લેવાનું નક્કી કરેલ છે. જેથી ઉપરોકત મિલકતમાં કોઇના કોઇપણ જાતના હક્ક હિસ્સા કે લાગભાગ કે બીજા કોઇપણ જાતના હક્ક હોયતો તે અંગેની દિન-૦૭ માં પુરાવા સહિત હમોને લેખિતમાં જાણ કરવી જો તેમ કરવામાં કસુર થયે સદર મિલકતમાં કોઇના કોઇપણ પ્રકારના હક્ક, હીસ્સા, દરદાવા, બોજા, લાગભાગ વિગેરે નથી અને હોય તો તે જતા કર્યા છે. તેમ ગણી મુદ્દત વિત્યે હમારા અસીલ પાકા લખાણો/દસ્તાવેજો કરાવી લેશે અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર યા વાંધા ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી. તા. ૨૦/૬/૨૦૨૬

ઓફીસ : "આર્શીવાદ", તળાવ ફળીયું, ઉમરા,સુરત-૭. મો. નં. ૯૮૨૪૪ ૯૩૯૫૫ **ધર્મેશ એમ. ચૌહાણ** (એડવોકેટ એન્ડ નોટરી) તે ખરીદનારના એડવોકેટ

-: વેચાણ અંગેની જાહેર નોટીસ :-

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, જીલ્લો : સુરત, તાલુકા : ઉધના મોજે ઉધના વિસ્તારમાં આવેલ ધી ઉધના ઉદ્યોગનગર સહકારી સંઘ લી. ની વસાહત કે જે ઉધના ઉદ્યોગનગર ના નામે ઓળખાય છે તેમાં રોડ નં.૧૨ ઉપર આવેલ બ્લોક નં. ૨૨ ના પ્લોટ નં.૧૮ (એ-૨૨-૧૮) વાળી સુમારે ૬૦૦.૦૦ ચો.વાર યાને ૫૦૧.૬૦ ચો.મી. જમીન તથા વધારાની લાગુ ૧૦૦.૦૦ ચો.વાર યાને ૮૩.૬૧ ચો.મી. મળી કુલ્લે ૭૦૦.૦૦ ચો.વાર યાને ૫૮૫.૨૧ ચો.મી. જમીન રાકેશ હીરાલાલ ઠક્કર નાઓની પોતાની માલિકી અને કબજા ભોગવટા, વહીવટ, હેઠળની તથા તેના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. તેથી સદરહુ મિલકતમાં કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, સંબંધ કે અધિકાર હોય કે સદરહુ મિલકત ઉપર કોઈપણ સંસ્થા કે વ્યક્તિની કોઈ લોન કે બોજો ચાલતો હોય કે નામદાર કોર્ટમાં કોઈ દાવો કે ફરીયાદ ચાલતી હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં જરૂરી દસ્તાવેજી પુરાવાઓ સહીત અમોનો સંપર્ક કરવો. અન્યથા મુદત વીત્યે સદરહુ મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હીત, હીસ્સો, સંબંધ કે અધિકાર નથી અને હોઈ તો તે જતો યાને વેવ કર્યો છે તેમ માની હમારા અસીલ મજકુર માલિક પાસેથી સદરહુ મિલકતનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ ભવિષ્યમાં કોઈની કોઈપણ તકરાર કે દાવો ચાલશે નહી જેની આથી સર્વેએ નોંધ લેવી.
સ્થળ : સુરત. તા. ૨૦/૦૬/૨૦૨૬

એડ્રેસ :- ઓફીસ નં.૫-૬, બીજો માળ, હિરલ આર્કેડ, નવી કોર્ટ બિલ્ડીંગની સામે, અઠવાલાઈન્સ, સુરત. **(નિરવ જે. મગજવાલા)** ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ ઉધના (ચોર્યાસી) તાલુકાના, મોજે ગામ : ડિંડોલીના રેવન્યુ સર્વે નંબર : ૧૫૯/૨, બ્લોક નંબર : ૨૬૮ થી નોંધાયેલી બિનખેતી થયેલ જમીન કે જેનુ ક્ષેત્રફળ ૯૬૧૧ ચો.મી. છે જેને ટી.પી.સ્કીમ નંબર : ૬૨ (ડિંડોલી-ભેસ્તાન-ભેદવાડ) લાગુ પડતા, ફાયનલ પ્લોટ નંબર : ૭૨ કે જેનુ ફાયનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ ૬૨૪૭ ચો.મી. છે તે બિનખેતી થયેલ જમીન હેમલ જયંતિલાલ દેસાઈ, જતિનભાઈ ધીરૂભાઈ દેસાઈ, નિલેશ જગુભાઈ પટેલ, ભરત જગુભાઈ પટેલ, શિવાની ભાવિન તે દિનેશભાઈ મગનભાઈની દિકરી, ફિંકલ તે મુકુદ દલાલની દિકરી, અશ્વિનભાઈ ધીરૂભાઈ દેસાઈ, જયંતિલાલ પરાગજીભાઈ દેસાઈ, ગીતાબેન જયંતિલાલ દેસાઈ તથા પૂર્ણીમાબેન તે જયંતિલાલ દેસાઈની દિકરીઓના નામે માલીકી, કબજા, ભોગવટા, વહિવટ હેઠળની તમામ પ્રકારના બોજા તથા દાવાઓથી મુકત, માર્કેટેબલ અને કલીયર ટાઈટલવાળી ચાલી આવેલ હોવાનું જણાવી, મારા અસીલને વેચાણથી આપવાનું નક્કી કરેલ છે, જેથી સદરહું બિનખેતી થયેલ જમીન મિલકત બાબતે કોઈ વ્યકિત, બેન્ક યા સંસ્થાનાં લાગભાગ, હક્ક, હિત, કબજો, સોદાચિઠ્ઠી, દર-દાવા, લીયન, ચાર્જ, લેણાં યા બોજા, ખોરાકી હક્ક, ભરણપોષણનાં હક્ક, ઈઝમેન્ટનાં હક્ક યા વેચાણ વિરૂધ્ધ વાંધા હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમોને આધારભુત પુરાવા સહિત લેખિતમાં જાણ કરી, ખાત્રી કરાવવી, જો તેમ કરવામાં કસુર યા ચુક થશે તો સદરહું મિલકતમાં કોઈના કોઈપણ પ્રકારના હક્ક, હિત, સંબંધ યા અધિકાર નથી અને હોય તો તે મારા અસીલની તરફેણમાં જતા યાને વેવ કર્યા છે તેમ માની મારા અસીલ મુદત વિત્યેથી વેચાણ અંગેના જરૂરી દસ્તાવેજી લખાણો કરાવી લેશે અને ત્યારબાદ ભવિષ્યમાં કોઈની તર-તકરાર યા વાંધો ચાલશે નહિ જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફિસ : ૩૦૨૫, ત્રીજો માળ, સેન્ટ્રલ બજાર, વરાછા પોલીસ સ્ટેશનની સામે, મીની બજાર, વરાછા રોડ, સુરત **પરેશ ડી. શેલડીયા** તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે ડીસ્ટ્રીકટ : નવસારી, તા.નવસારી, મોજે ગામ : પેરાના બ્લોક નં.૧૧૪, જેના સીટી સર્વે વોર્ડ : પેરા(બીનખેતી), જેના સીટી સરવે નં.NA114, જેનું ક્ષેત્રફળ ૧૧૫૩૪ ચો.મીટર વાળી બિનખેતીની ખુલ્લી જમીન દિપકભાઈ મહેશભાઈ અમીન નાએ તેઓની સ્વતંત્ર માલીકી, પ્રત્યક્ષ કબજા ભોગવટાની તથા ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ વાળી હોવાનું જણાવીને મારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં કોઈના કંઈપણ પ્રકારના લખાણ કે કંઈપણ પ્રકારનો લાગભાગ, દરદાવો, હકક, હિત, હિસ્સો કે ઈઝમેન્ટનો, બોજાનો, સંપાદનનો કે અન્ય તરહનો કોઈ હકક હિત હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દીન-૭ માં અમારી ઓફીસે લેખીતમાં પુરાવા સાથે વાંધાઓ રજુ કરવા, જો તેવા કોઈ વાંધા નિયત સમયમર્યાદા દરમ્યાન નહી આવે તો કોઈના પણ હકક દાવાઓ કે વાંધાઓ નથી અને જો હોય તો તેમણે જતા કરેલા યાને વેવ કરેલા છે, તેવુ સમજી મારા અસીલ સદર જમીન અંગેના ઉપરોકત માલીક સાથેના વેચાણ વ્યવહારો પુર્ણ કરી સદર જમીનનો રજી.વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર કે વાંધો વિરોધ ચાલશે નહી. તેમજ મારા અસીલની કોઈપણ જાતની જવાબદારી રહેશે નહી.તેની જાહેર જનતાએ નોંધ લેવી. તા. ૨૦/૦૬/૨૦૨૬

ઓફીસ :- ૨૦૨,૨૦૩, રોયલ આર્કેડ, કેનરા બેંકની બાજુમાં, ગીતાજંલી-એફીલ ટાવર રોડ, વરાછારોડ, સુરત. મો.નં. ૯૮૨૪૭-૬૩૮૦૨ **ચંદ્રેશ જે. ગજેરા** તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડી. સુરત, તા.ચોરાસી, મોજે ગામ : ખંભાસલા, ના રે.સર્વે નં.૨૭/૧અ, જેનો બ્લોક નં.૪૯, જેનું ક્ષેત્રફળ હે.૧-૧૧-૨૯ પ્રતિ આરે ચો.મીટર, જેનો ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં.૫૬(ખરવાસા-ખંભાસલા-સણીયા કણદે) માં સમાવેશ કરી તેને ફાયનલ પ્લોટ નં.૧૫૪, જેનું ક્ષેત્રફળ ૬૬૭૭ ચો.મીટર ફાળવવામાં આવેલ છે, તે ખેતીની જુની શરતની ખુલ્લી જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના હરકોઈ પ્રકારનાં હકક સહીતની જમીન મનસુખલાલ ચુનીલાલ નાએ તેઓની સ્વતંત્ર માલીકી, પ્રત્યક્ષ કબજા ભોગવટાની તથા ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ વાળી હોવાનું જણાવીને મારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં કોઈના કંઈપણ પ્રકારના લખાણ કે કંઈપણ પ્રકારનો લાગભાગ, દરદાવો, હકક, હિત, હિસ્સો કે ઈઝમેન્ટનો, બોજાનો, સંપાદનનો કે અન્ય તરહનો કોઈ હકક હિત હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમારી ઓફીસે લેખીતમાં પુરાવા સાથે વાંધાઓ રજુ કરવા, જો તેવા કોઈ વાંધા નિયત સમયમર્યાદા દરમ્યાન નહી આવે તો કોઈનાં પણ હકક દાવાઓ કે વાંધાઓ નથી અને જો હોય તો તેમણે જતા કરેલા યાને વેવ કરેલા છે, તેવુ સમજી મારા અસીલ સદર જમીન અંગેના ઉપરોકત જમીન માલીક સાથેના વેચાણ વ્યવહારો પુર્ણ કરી સદર જમીનનો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર કે વાંધો વિરોધ ચાલશે નહી. તેમજ મારા અસીલની કોઈપણ જાતની આર્થીક કે કાનુની જવાબદારી રહેશે નહી. તેની જાહેર જનતાએ નોંધ લેવી. તા. ૨૦/૦૬/૨૦૨૬

ઓફીસ :- ૨૦૨,૨૦૩, રોયલ આર્કેડ, કેનરા બેંકની બાજુમાં, ગીતાજંલી-એફીલ ટાવર રોડ, વરાછારોડ, સુરત. મો.નં. ૯૮૨૪૭-૬૩૮૦૨ **ચંદ્રેશ જે. ગજેરા** તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ તાલુકો કામરેજ, **મોજે ગામ : લાડવી** ના રે.સ.નં.૧૫૮/૧, ૧૫૮/૨, **જુનો બ્લોક નં.૨૦૯, રી-સર્વે બાદ નવો બ્લોક નં.૨૫૮/૧** થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન, કે જેનું રેવન્યુ રેકર્ડ ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ **હે.આરે. ૦-૭૨-૩૦ ચો.મી.** છે અને આકાર રૂા. ૬.૭૨ પૈસા છે. સદરહુ જમીન (૧) કિરણબેન તે વેલજીભાઈ હિરપરાની પુત્રી અને કપીલભાઈ સતાસીયાની પત્ની (૨) દિપેશભાઈ રતિલાલ ધાનાણી (૩) મુનેશભાઈ ભીમજીભાઈ પેથાણી નાઓની સંયુકત માલીકી, પ્રત્યક્ષ કબજા, વહીવટ, ભોગવટાની, નકરજી, નબોજી તથા ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલવાળી ચાલી આવેલ હોવાનું જણાવીને અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ જમીન માલીકી બાબતે કે તેના હિસ્સા ઉપર જો કોઈ વ્યકિત, બેંક, મંડળી, કંપની, સંસ્થા કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો પ્રત્યક્ષ, પરોક્ષ કે અન્ય કોઈપણ પ્રકારે વાંધો-વિરોધ, અવરોધ, અટકાયત, તર-તકરાર, લાગ-ભાગ, વેચાણ, સાટો, ગીરો, બક્ષીસ, વારસાઈ, કબજા-ભોગવટા, ઈઝમેન્ટ, લીયન, લેણા, બોજો, અલાખો, હકક, હીત, હીસ્સો, અધિકાર, સંબંધ કે દરદાવો ચાલી આવેલ હોય તો તેમણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તે બદલના કાયદેસરના તમામ પુરાવાઓ સાથે નીચેના સરનામે રૂબરૂમાં લેખીત જાણ કરીને તે અંગેની ખાતરી કરાવી જવી. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો, મજકુર જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હિસ્સો, અધિકાર, બોજો કે દર દાવો છે નહી અને હોય તો તે વેવ/જતો કરેલ છે તેમ સમજી અમારા અસીલ સદરહુ જમીન વેચાણ રાખવા અંગેની કાર્યવાહી પુર્ણ કરી/કરાવીને, સદરહુ જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, મુદ્દત વિત્યે કોઈની કોઈપણ જાતની તર-તકરાર કે વાંધા વિરોધ કરવા/કરાવવામાં આવશે તો આ જાહેર નોટીસથી રદ બાતલ ગણાશે જેની છેવટની નોંધ લેશો. તા.૨૦/૦૬/૨૦૨૬

મહેન્દ્ર એમ. નાકરાણી (એડવોકેટ)
ઓફીસ : નાકરાણી & સોનાણી કું, ૬૦૩, પ્રમુખ ડોકટર હાઉસ, આઈમાતા ચોક, હ્યુંડાઈ શો-રૂમની બાજુમાં, સુરત કડોદરા રોડ, પરવત પાટીયા, સુરત. મો. ૯૯૨૫૪ ૨૦૫૯૫

ટાઈટલ કલીયર અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકા પલસાણાના મોજે ગામ કડોદરાના રે.સર્વે નં. ૨૩૩/૨અ, બ્લોક નં. ૧૨૦ વાળી બિનખેતીની જમીનમાં આવેલ **શ્રી નિવાસ ગ્રીન સીટી વિભાગ-૨** માં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં.૪૪-એ** વાળી મિલકત **પીન્કીદેવી ધર્મેન્દ્રસિંગ તથા ધર્મેન્દ્રસિંગ ભરતસિંઘએ** તેના માલિક **દિવ્યરાજ દશરથભાઈ પુરોહિત** પાસેથી તા. ૧૫.૦૪.૨૦૨૬ના રોજના સાટાખતની રૂએ વેચાણ રાખનાર હોવાનું જણાવી તેમજ સદરહુ મિલકતના અગ્રહકકધારી હેમશંકર અનાજી પુરોહિતના નામે થયેલ **અસલ દસ્તાવેજ નં. ૩૬૩૨, તા.૨૩.૦૭.૨૦૧૨ તથા તેની અસલ રજીસ્ટ્રેશન રસીદ** તેમજ રાજેશભાઈ ભગવાનભાઈ સોજીત્રાના નામે થયેલ **અસલ દસ્તાવેજ નં. ૧૭૪૭, તા.૧૦.૦૮.૨૦૦૭ તથા તેની અસલ રજીસ્ટ્રેશન રસીદ** ગુમ થયેલ હોવાનું જણાવી હમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે અને તેઓ સદર મિલકત બેંક ઓફ બરોડાને ગીરો આપનાર છે તથા તેના અસલ દસ્તાવેજોનો કબજો બેંકને સુપ્રત કરનાર છે. જેથી તે અંગે કોઈનો કોઈ પણ પ્રકારના હકકો લાગભાગ, દરદાવો, યા વાંધો કે તકરાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસીધ્ધ થયેથી **દિન-૧૫** માં હમોને લેખિત પુરાવા સહીત રૂબરૂ મળવું. મુદત વીત્યે મજકુર કોઈના કોઈ પણ જાતના હકકો કે વાંધા નથી યા છોડી દીધા છે. તેમ માની ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને બેંકનો સદર મિલકત ઉપર પ્રથમ ચાર્જ ગણાશે. જેની આથી જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફીસઃ સી/૩૦૬, ત્રીજો માળ, સફાયર બિઝનેશ હબ, મધુવન સર્કલ પાસે, ગેલેક્ષી સર્કલ રોડ, અડાજણ, સુરત મો.નં. 9377724939 **દિવ્યેશ એચ. ભટ્ટ** એડવોકેટ એન્ડ નોટરી

વેચાણ અંગેની જાહેર નોટીસ

નવસારી ડિ., નવસારી સબ-ડિ. મોજે ગામ પીનસાડનાં જુના સર્વે નં.૧૫૯ અને નવો સર્વે/બ્લોક નં.૮૬, જેનું ક્ષેત્રફળ ૩૯૪ ચો.મી. અને આકાર રૂા.૦.૪૫ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન તથા મોજે ગામ પીનસાડનાં જુના સર્વે નં.૧૫૯ અને નવો સર્વે/બ્લોક નં.૧૦૪, જેનું ક્ષેત્રફળ ૧૯૭૮૮ ચો.મી. અને આકાર રૂા.૨૨.૪૫ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીનનાં માલિક, મુખત્યાર અને કબજેદાર શાન્તીલાલ રણછોડજી રહે. મોટુ ફળિયુ, પીનસાડ, તા.જી.નવસારીનાં ચાલી આવેલ હોવાનું જણાવી સદરહુ બન્ને જમીનો મારા અસીલે વેચાણ લેવાનું નક્કી કરેલ છે. જેનો પૂરેપૂરો વેચાણ અવેજ ચુકવીને હમારા અસીલ ટૂંક સમયમાં રજી.વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. મજકુર બન્ને જમીનો પર કોઇનો કોઇપણ જાતનો હક્ક-હિત-હિસ્સો, લાગ-ભાગ, દર-દાવો યા ઇઝમેન્ટ, ખોરાકી કે ભરણ-પોષણ વિગેરેનાં હક્ક હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયે દિન-૭ માં અમારા અસીલ વતી વાંધા, દસ્તાવેજી પુરાવા સહિત હમોને રૂબરૂ મળવું, મુદ્દત વિત્યે કોઇનો કોઇપણ પ્રકારના હક્ક-હિત-હિસ્સો, લાગ-ભાગ, દર-દાવો યા ઇઝમેન્ટ, ખોરાકી કે ભરણ-પોષણ વગેરેનાં હક્ક નથી અને હોઇ તો છોડી દીધેલ છે.તેમ ગણી હમારા અસીલ વ્યવહાર પુર્ણ કરી વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહિં જેથી નોંધ લેશો.

મારી મારફત :- ઓફિસ :યુ-૧૨, હિરલ આર્કેડ, નવી ડિસ્ટ્રીકટ કોર્ટની સામે, અઠવાલાઇન્સ, સુરત. મો.નં.૯૮૨૫૦ ૯૦૪૦૨ **હરિશ આર.પટેલ** એડવોકેટ અને નોટરી

વેચાણ અંગે જાહેર નોટીસ

મોજે કતારગામ વિસ્તારમાં આવેલ શાશ્વત હાઈટ્સ બિલ્ડીંગ પૈકી દુકાન નં.૧૭ અંગે.

સુરત ડિસ્ટ્રીકટ, તાલુકા કતારગામ (મુળ તાલુકા ચોર્યાસી), **મોજે કતારગામ** ના રે.સર્વે નં.૩૫/૧, ટી.પી.સ્કીમ નં.૩૫ (કતારગામ), એફ.પી.નં.૨૨ વાળી બિનખેતીની જમીનમાં આયોજિત **''શાશ્વત હાઈટ્સ''** નામની બિલ્ડીંગ પૈકી ભોંયતળિયે આવેલ **દુકાન નં.૧૭** વાળી મિલકતના એકલા સ્વતંત્ર સંપુર્ણ માલીક કબજેદાર **મે. શાશ્વત કોર્પોરેશન એક ભાગીદારી પેઢી** ચાલી આવેલ હોવાનું અને સદરહુ મિલકતના ટાઈટલ ચોખ્ખા માર્કેટેબલ હોવાનું જણાવી તથા સદરહુ મિલકતમાં મુથુટ ફાયનાન્સ લિ. નો ભાડુઆત તરીકે કબજો ભોગવટો ચાલી આવેલ હોવાનું જણાવી મજકુર ભાડુઆતના હકકો સહિત સદરહુ મિલકત અમારા અસીલને વેચાણ/ટ્રાન્સફર આપવાનું નકકી કરેલ છે. આથી સદર મિલકત ઉપર કોઈનો કોઈપણ ચાર્જ, બોજો, લીયન યા કોઈપણ હકક હિત હિસ્સો હોય તો તે અંગેના આધારભુત પુરાવા દિન : ૭ માં નીચેના ઠેકાણે રજુ કરવા, અન્યથા સદરહુ મિલકત ઉપર કોઈના કોઈપણ જાતના હકક નથી, અને હોય તો તે જતા કર્યા છે તેવું માનીને સદરહુ મિલકતનો રજી.દસ્તાવેજ અમારા અસીલ કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ તર-તકરાર ચાલશે નહી, જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

તા. ૨૦/૦૬/૨૦૨૬ ઠેકાણું : બી/૭૦૭-૭૦૮, તિરૂપતિ પ્લાઝા, ફેમિલી કોર્ટની સામે, નાનપુરા, સુરત. **ઝીણાભાઈ જી. પટેલ** તે ખરીદનારના એડવોકેટ

જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, ચોર્યાસી સબરિસ્ટ્રીકટના મોજે ગામ ઉધનાના રેવન્યુ સર્વે નં.૨૩૮ પૈકી, ૨૫૭ પૈકી, ૨૫૮ પૈકી, ટી.પી. સ્કીમ નં.૨(ઉધના), ફાયનલ પ્લોટ નં.૯૧ થી નોંધાયેલી જમીનમાં આયોજીત **"સોનલ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી-૧"** માં પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નંબર : ૧૧૯** વાળી બાંધકામ સહિતની મિલકત, જે પ્લોટનું ક્ષેત્રફળ પહોળાઈ ૧૬ ફુટ બાય ૩૦ ફુટ લંબાઈ યાને ૧૧૨૦ ચો.ફુટ છે. જેનો મ્યુ. દફતરે **ટેનામેન્ટ નંબર : ૨૭૩-૧૯-૧૧૮૧-૦-૦૦૧** છે. તે વિગતની મિલકત **૧. પ્રદિપકુમાર મણીલાલ પટેલ અને ૨. કમલેશકુમાર કાલુભાઈ પટેલ** ઓએ પોતાની માલિકી અને પ્રત્યક્ષ કબજા, ભોગવટા તેમજ વપરાશમાં હોવાનું, તેમજ સદરહુ મિલકતના ટાઈટલ કોઈપણ જાતના બોજારહિત, ચોક્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે અને જેના અનુસંધાને ટૂંક સમયમાં તેમની પાસેથી મારા અસીલ સદરહુ મિલકતનો કબજા સહિતનો વેચાણ કરાર યાને કબજા રસીદ કરાવી લેનાર છે.

સદરહુ પ્લોટ નંબર : ૧૧૯ વાળી મિલકત મુળ માલીક ભુપેન્દ્રભાઈ છોટુભાઈ વિગેરે પાસેથી શંકરલાલ વિઠ્ઠલદાસ પટેલએ કબજા રસીદથી વેચાણ રાખેલ. ત્યારબાદ સદરહુ મિલકત તેઓ પાસેથી દત્તુભાઈ વામન ડાંગરેએ કબજા રસીદથી વેચાણ રાખેલ. ત્યારબાદ સદરહુ મિલકત તેઓ પાસેથી માણેકભાઈ માધુભારથી, ખેમભારથી માધુભારથી અને કાન્તીભારથી માધુભારથી ઓએ કબજા રસીદથી વેચાણ રાખેલ. ત્યારબાદ સદરહુ મિલકત તેઓ પાસેથી ૧. પ્રદિપકુમાર મણીલાલ પટેલ અને ૨. કમલેશકુમાર કાલુભાઈ પટેલ ઓએ કબજા રસીદથી વેચાણ રાખેલ. ત્યારથી સદરહુ મિલકતના ૧. પ્રદિપકુમાર મણીલાલ પટેલ અને ૨. કમલેશકુમાર કાલુભાઈ પટેલ નાઓ સંપૂર્ણ અને સ્વતંત્ર માલીક, મુખત્યાર અને કબજેદાર થયેલા અને ચાલી આવેલા. **પરંતુ સદરહુ મિલકતના માલીકના જણાવ્યા મુજબ અગ્રહકકધારી શંકરલાલ વિઠ્ઠલદાસ પટેલ ની અસલ કબજા રસીદ તથા અગ્રહકકધારી દત્તુભાઈ વામન ડાંગરે ની અસલ કબજા રસીદ ગુમ યાને ગેરવલ્લે થઈ ગયેલ છે અને ઘણી શોધખોળ કરવા છતાં મળી આવતી નથી.**

આ હકીકતમાં મજકુર અસલ કબજા રસીદો કે સદરહુ મિલકત બાબતે કોઈપણ બેંક કે નાણાંકીય સંસ્થા કે વ્યકિતના કોઈપણ જાતના હકક-હિત, સંબંધ યા લાગ-ભાગ હોય, તેમજ મજકુર વેચાણના વ્યવહાર સંબંધે કોઈને કોઈપણ જાતનો વાંધો હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૧૫ માં તેવા વાંધા, હક્ક-હિત સંબંધે કે લાગ-ભાગ અંગે પુરાવા સહિત અમોને લેખિતમાં જાણ કરવી. ઉપરોક્ત મુદતમાં જો તેવા વાંધો કે તકરાર આવશે નહીં તો કોઈને મજકુર વ્યવહાર સંબંધે કે મિલકત સંબંધે કોઈ હક્ક-હિત, લાગ-ભાગ, વાંધો કે તર-તકરાર નથી અને હોય તો તે જતા કરેલ હોવાનું માની લઈ મારા અસીલ સદરહુ મિલકતનો કબજા સહિતનો વેચાણ કરાર યાને કબજા રસીદ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહીં. તેની આથી લાગતા-વળગતા તમામ તથા જાહેર જનતાએ છેવટની નોંધ લેવી.

ઓફિસ :જી-૧, ઓમ શાંતિ એપાર્ટમેન્ટ, પ્લોટ નં. સી/૮૭, આશાપુરી સોસાયટી-૧, બમરોલી રોડ, ઉધના - પાંડેસરા, સુરત. મો.નં. ૯૫૩૭૧૦૨૩૦૮ **નિમેષ આર. પ્રજાપતિ** તે ખરીદનારના એડવોકેટ એન્ડ નોટરી

:: જાહેર નોટીસ ::

આથી જાહેર જનતાને જણાવવાનું કે, જિલ્લો : નવસારી, તાલુકો : નવસારી, મોજે : અષ્ટગામ,

ક્રમ	સરવે નંબર	બ્લોક નંબર	ખાતા નંબર	ક્ષેત્રફળ
(૧)	૪૯૫	૮૦૧	૯૯૪	૪૮૫૬ ચો.મી.
(૨)	૫૦૪	૮૨૭	૯૯૩	૬૭૭૯ ચો.મી.
(૩)	૪૮૪	૮૩૦	૯૯૨	૧૬૧૮૮ ચો.મી.

ઉપરોકત કોષ્ટકમાં વર્ણન વાળી જુની શરતની ખેતીની જમીનો (૧) પટેલ વિપુલ લાલજીભાઈ ખાતરા (૨) કિરીટકુમાર રમણીકભાઈ પટેલ ઉર્ફે પાનસુરીયા નાઓની સંયુકત માલિકી, પ્રત્યક્ષ કબજા, ભોગવટા, વહીવટ હેઠળની તેમજ કલીયર માર્કેટેબલ ટાઈટલ્સ તથા કોઈપણ પ્રકારના દાવાઓ તથા બોજાઓ વગરની હોવાનું જણાવી સદરહુ જમીનો અમારા અસીલને કિમતી અવેજ બદલ વેચાણ આપવાનુ નકકી કરેલ છે અને અમારા અસીલએ સદરહુ જમીનો ખરીદ કરવાનુ નકકી કરેલ છે. આથી સદરહુ જમીનો સંદર્ભે કે તેના કોઈ ભાગ સંદર્ભે રાષ્ટ્રીયકૃત બેંક, સહકારી બેંક, કો.ઓ. બેંક કે કોઈપણ વ્યક્તિ યા નાણાકીય સંસ્થાનો કે કોઈનો કોઈપણ પ્રકારનો હકક હિત-હિસ્સો, ભરણપોષણનો હક્ક, ગણોત હકક, દાવો, અધિકાર, બાનાખત, સાટાખત, વારસાઈ, વિગેરે ચાલી આવેલ હોય તો તે અંગેના આધારભુત દસ્તાવેજો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી લેખિતમાં દિન-૭ ની મુદતમાં અમારા નીચે જણાવેલ સરનામે રજુ કરી ખાત્રી ક